# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-01-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## અટલ પેન્શ યોજના વર્ષ 2030-31 સુધી લંબાવાઇ

કેન્દ્રીય મંત્રીમંડળે અટલ પૅન્શન યોજનાને વર્ષ **2030-31** સુધી લંબાવી દીધી છે. તેમજ પ્રચાર અને વિકાસલક્ષી કાર્યો માટે નાણાકીય સહાયમાં પણ વધારાને મંજૂરી આપી છે. આ યોજના મે **2015**માં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને વૃદ્ધાવસ્થામાં આવક સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી હતી.

**--------------------------------------------------------------------------------**

## લઘુ ઉદ્યોગ વિકાસ બેન્કને પાંચ હજાર કરોડ રૂ.ની સહાયને મંજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળે ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બૅન્ક **–** સિડબીને પાંચ હજાર કરોડ રૂપિયાની ઇક્વિટી સહાયને મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાતા અંદાજે **25** લાખથી વધુ નવા સુક્ષ્મ**,** લઘુ અને મધ્યમ ઉદ્યોગ - **MSME** લાભાર્થીને લાભ થઈ શકે છે.

આ રોકાણ બાદ નાણાકીય સહાય મેળવનારા **MSME-**ની સંખ્યા નાણાકીય વર્ષ **2025**ના અંત સુધીમાં **76** લાખથી વધીને નાણાકીય વર્ષ **2028**ના અંત સુધીમાં એક કરોડને પાર પહોંચવાની શક્યતા છે.

**--------------------------------------------------------------------------------**

## વિકાસકામોની ગુણવતામાં બાંધછોડ ન કરવા તાકીદ – CM

રાજ્યમાં વિકાસકામોની ગુણવત્તા અંગે કોઇ પણ પ્રકારની બાંધછોડ ન કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સબંધિત વિભાગોને તાકીદ કરી છે.

ગાંધીનગર ખાતે રાજ્યમંત્રી મંડળની બેઠકમાં અનુદાનના અભાવે કોઇ કામ અટકવું ન જોઇએ તેવી કડક સૂચનાઓ પણ મુખ્યમંત્રીએ આપી હતી. વધુ માહિતી પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, તમામ વિભાગોએ પોતાને ફાળવેલા બજેટ માર્ચ મહિનાના અંત સુધીમાં યોગ્ય રીતે વાપરવા પણ મુખ્યમંત્રીએ સૂચના આપી.

---------------------------------------------------------------------------------------

## ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી

રાજ્ય સરકારે 12 હજાર કરોડ કરતા વધુના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરી છે. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, ટેકાના ભાવે ખરીદી માટે 10 લાખ 11 હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. રાજ્યમાં ટેકાના ભાવે ખરીદી 6 ફેબ્રુઆરી સુધી ચાલશે.

---------------------------------------------------------------------------------------

## જિલ્લામાં બે નવી રેલવે લાઇનને મંજૂરી

કચ્છ જિલ્લામાં બે મહત્ત્વપૂર્ણ રેલવે લાઈન દેશલપર-હાજીપીર, લુણા અને વાયોર, લખપત નવી બ્રોડગેજ લાઈનને મંજુરી આપવામાં આવી છે તેમજ ભુજ-નલિયા રેલવે લાઈનને વાયોર સુધી વિસ્તારીત અને નલિયા-જખૌ પોર્ટ સુધી નવી રેલવે લાઈન પાથરવામાં આવશે, જેનો ખર્ચ 3,375 કરોડનો કરાશે. આ પ્રકલ્પથી સરહદી અને તટીય વિસ્તાર રેલવે જોડાણ મજબૂત બનશે. તેમજ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળશે તેવું ડિવિઝનલ રેલવે મેનેજર વેદપ્રકાશે રેલવેના કામો અંગે વિગત આપતા જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## LLDC વિન્ટર ફેસ્ટિવલ

**અજરખપુર નજીક આવેલ સૃજન લિવિંગ લેન્ડ લર્નિંગ ડિઝાઇન ક્રાફટ મ્યુઝિયમ ખાતે વિન્ટર ફેસ્ટિવલ 2026 નો પ્રારંભ થયો છે. કચ્છની આગવી સંસ્કૃતિ અને હસ્તકલાઓ સાથે દેશના ઉત્તરપૂર્વ રાજ્યોની સંસ્કૃતિ, હસ્તકલા, લોકસંગીત અને લોકનૃત્યના આદાનપ્રદાન સાથે વિવિધતામાં એકતાની અભિવ્યક્તિને કરવાનો આ અકે અવસર બની રહેશે. આ ફેસ્ટિવલમાં ક્રાફટ બજારમાં કચ્છ અને અન્ય રાજ્યોના કુલ 47 જેટલા હસ્તકળાના સ્ટોલ્સ ઉપરાંત કળા નિર્દશનનું પણ આયોજન કરાયું છે.**

---

## <u>ભુજ – બાન્દ્રા વચ્ચે બે સપ્તાહિક ટ્રેનની વધુ ટ્રીપ દોડાવાશે</u>

કચ્છમાં રણોત્સવનું આયોજન અને પ્રવાસીઓની ભીડને નિયંત્રિત કરવાના હેતુથી રેલવે દ્વારા ભુજ-બાન્દ્રા વચ્ચે સપ્તાહમાં બે વખત વિશેષ ટ્રેન દોડાવાઈ રહી છે ત્યારે વધુ બે સાપ્તાહિક ટ્રેનની 20 ટ્રીપ દોડાવવામાં આવશે. આ વધુ ટ્રેનો શરૂ થતાં કચ્છની દૈનિક ટ્રેનો ઉપર ભારણ ઓછું થશે.

---

## <u>શેરી ફેરિયાઓ માટે માંડવી ખાતે માર્ગદર્શન કેમ્પ</u>

શેરી ફેરિયાઓ પોતાનો વ્યવસાય વિસ્તારી શકે તે હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અમલમાં મુકવામાં આવી છે. યોજનાનો લાભ વધુમાં વધુ ફેરિયાઓ સુધી પહોંચે તે માટે માંડવી નગરપાલિકાના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન વિભાગ દ્વારા માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ આવતીકાલે સવારે નગરપાલિકા કચેરી ખાતે યોજાશે.

---

## <u>ક્રિકેટ</u>

ભારતિય ક્રિકેટ ટીમે ન્યુઝીલેન્ડની ટીમને પ્રથમ ટી 20 મેચમાં 48 રને હરાવી પાંચ ટી 20 મેચની શ્રેણીનો વિજયી આરંભ કર્યો છે. નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન ગ્રાઉન્ડ પરની મેચમાં ભારતે 7 વિકેટ ગુમાવી 238 રન કર્યા હતા. અભિષેક શર્માએ સૌથી વધુ 84 રન કર્યા હતા. રિંકુસિંહ 44 રને નોટ આઉટ રહ્યા હતા. જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ 7 વિકેટના ભોગે 190 રન કરી શકી હતી.

----------------------------------------------------------------------------------------

## હવામાન : ઠંડીમાં રાહત

**જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીમાં થોડી રાહત જોવા મળી રહી છે ત્યારે આગામી દિવસોમાં લઘુત્તમ ઉષ્ણાતામાનમાં ઉતાર-ચડાવ વચ્ચે ઠંડીમાં વધ-ઘટ જોવા મળી શકે છે. નલિયામાં 10.4 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણાતામાન સાથે ઠંડી અનુભવાઇ હતી જ્યારે અન્ય મથકોમાં 13થી 15 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાતા ઠંડીમાં રાહત અનુભવાઇ હતી.**

----------------------------------------------------------------------------------------

## રાજ્યના ખેડૂતોને કમોસમી વરસાદ માટે સહાય ચૂકવાઇ

રાજ્યમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ 32 લાખથી વધુ ખેડૂતોને અત્યાર સુધીમાં 9 હજાર 466 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ છે. રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, જમીન સુધારણા અંગે 31 હજારથી વધુ ખેડૂતોને કુલ 104 કરોડથી વધુની સહાયની ચૂકવવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------